**DATE: 11/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-01**

# અંકલેશ્વરમાં સટ્ટા બેટિંગનો જુગાર રમતો આરોપી ઝડપાયો

અંકલેશ્વર તા. ૧૦

અંકલેશ્વર શહેરના સુરતી ભાગોળ વાવ પાસેથી સટ્ટા બેટીંગનો જુગાર રમાડતા એક આરોપીની પોલીસે ધરપકડ કરી રૂ.૧૦ હજારનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

અંકલેશ્વર શહેર એ-ડીવીઝન પોલીસનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો એ દરમ્યાન બાતમી મળી હતી કે સુરતી ભાગોળ વાવ પાસે સટ્ટા બેટીંગનો જુગાર ચાલે છે જે માહીતી આધારે દરોડા પાડ્યા હતા. જ્યાં કોર્ડન કરી સટ્ટા બેટીંગના આંકડા લખવા બેસેલા બહેન તથા પકડાયેલ આરોપી શૈલેષ ઉર્ફે સલીયો વસાવાની ધરપકડ કરી રૂ.૧૦ હજારનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 12/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### એલસીબી પોલીસે પેટ્રોલિંગ સમયે છાપો માર્યો

# અંકલેશ્વરના નોબેલ માર્કેટ ખાતે જુગાર રમતા ૧૦ શખ્સો ઝડપાયા

## બે વાહનો સહિત રૂા. ૧,૩૯ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો

। અંકલેશ્વર ।

અંકલેશ્વરમાં એલસીબી પોલીસે અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ નોબલ માર્કેટમાં એક ગોડાઉનના ઉપરના માળે રૂમમાં જુગાર રમતા ૧૦ શખ્સોને ઝડપી લઈ રૂપિયા એક લાખથી વધુનો મુદ્દા માલ કબજે કર્યો છે.

પોલીસ ઈન્સ્પેક્ટર એમ.પી. વાળા અને એલસીબી ભરૂચના માર્ગદર્શન દ્વારા એલસીબી પોલીસ પો.સ.ઈ. એમ એમ રાઠોડ ટીમ સાથે અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન બાતમી અને હકીકત મળેલ કે અંકલેશ્વરના નોબલ માર્કેટમાં અભિમન્યુ ઉર્ફે સજ્જનસિંગ શિવ શક્તિ ટ્રેડર્સના ગોડાઉનમાં લોકોને ભેગા કરી જુગાર રમાડતો હતો. જે ચોક્કસ બાતમીના આધારે એલસીબી પોલીસે રેડ પાડતા (૧) અભિમન્યુસિંગ ઉર્ફે સર્જન સિંઘ ઉપાધ્યાય સિંગ રાજપૂત રહે ભરૂચ (૨) અબ્દુલ વહાબ મનીઆર રહે અંકલેશ્વર (૩) શાહ નવાજ ઈકબાલ શેખ (૪) પપ્પુ ફેજુલ્લા કુરેશી (૫) સુરેન્દ્રસિંહ સતદેવસિંગ રહે ભરૂચ (૬) તૈયબ આલમ ખાન (૭) મોહન સતી રામ યાદવ (૮) અમરજીતસિંહ અભિમન્યુ સિંગ રાજપુત (૯) પંકજ સિંગ સુમનસિંહ (૧૦) શંકર સીતારામ સોનેલને પોલીસે રેડ દરમિયાન ઝડપી લઈ અંગ જડતી કરતા તથા દાવ ઉપરના રોકડ રૂપિયા ૨૯,૫૦૦ તથા મોબાઈલ ફોન નંગ ૬, ગાડી, બાઈક મળી કુલ રૂપિયા ૧,૩૯ લાખના મુદ્દા માલ સાથે ૧૦ આરોપીઓને ઝડપી લઈ જુગાર ધારા સંલગ્ન કલમ મુજબ કાર્યવાહી હાથ ધરેલ છે.

**DATE: 13/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# ઉટીયાદરામાંથી 3 ખેલી ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

જુના કોસંબાનો શબીર હુસેન સલીમ શાહ ઉટીયાદરાના હથુરણ ફળીયામાં આંક ફરકનો અડ્ડો ચાલવી રહ્યો હતો.પોલીસે દરોડા પાડતાઆંકડા નો જુગાર રમતા રાહુલ વસાવા રહે કોસંબા, પરેશ વસાવા રહે ઉટીયાદરા, અને શબ્બીર હુસેન સલીમ શાહને ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથીરોકડ રૂપિયા તેમજ 5 મોબાઈલ મળી કુલ 20 હજાર ઉપરાંતનોમુદ્દામાલ જપ્ત કર્યો હતો. જયારે મિથુન સિંગ. કૌશિક અને બે મોબાઈલ ધારકને વોન્ટેડ જાહેર કર્યા હતા

**DATE: 13/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

# અંકલેશ્વરના ચૌટા નાકા પાસે કારમાંથી દારૂનો જથ્થો ઝડપાયો

અંકલેશ્વર તા. ૧૨

અંકલેશ્વરના ચૌટા નાકા પાસેથી કારમાં વિદેશી દારૂ ભરેલ જથ્થા સાથે બે ખેપિયાઓને ભરૂચ એલસીબી પોલીસે ઝડપી પાડયા હતા.ભરૂચ એલસીબીનો સ્ટાફ અંકલેશ્વર શહેર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો.તે દરમિયાન બાતમીના આધારે સજોદ ગામમા રહેતો બૂટલેગર જીતેન્દ્ર ઉર્ફે ચીનો અરવિંદ પટેલ પોતાની કારમાં વિદેશી દારૂનો જથ્થો ભરી આપી પોતાના માણસ ચિરાગ પ્રજાપતિ થકી નિકોરા ખાતે રહેતો કાલિદાસ વસાવાને ત્યાં ખાલી કરવા મોકલનાર છે.જેવી બાતમીના આધારે પોલીસે અંકલેશ્વરના ચૌટા નાકા પાસે વોચ ગોઠવી હતી.પોલીસે બાતમી વાળી કાર આવતા તેને અટકાવી તપાસ કરતા તેમાંથી વિદેશી દારૂની ૪૩૨ નંગ બોટલ મળી આવી હતી પોલીસે રૂ.૯૯ હજારનો દારૂ અને કાર મળી કુલ રૂ.૩.૯૯ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો અને ભરૂચી નાકા સ્થિત વાઘેલાવાડ ખાતે રહેતો ચિરાગ ઉર્ફે કાળીયો દીપક પ્રજાપતિ અને રોહિત ઉર્ફે કાર્તિક રમેશ વસાવાને ઝડપી પાડ્યો હતો.જ્યારે બુટલેગર જીતેન્દ્ર અરવિંદ પટેલ સહીત કાલીદાસ વસાવાને વોન્ટેડ જાહેર કરી તપાસ હાથ ધરી હતી.

**DATE: 13/11/2024 CATEGORY: GREEN E-PAPER GUJARATMITRA PAGE-07**

# ભરૂચ ટોલનાકા પાસે 25 ભેંસ ભરીને જતું કન્ટેનર ઝડપાયું, ત્રણની અટકાયત

## **ઝઘડિયા** પોલીસે કુલ 15 લાખનો મુદ્દામાલ કબજે કર્યો



ઝઘડિયા, ભરૂચઃ ઝઘડિયામાંથી પસાર થતાં નેશનલ હાઇવે પર 25 જેટલી ભેંસ ભરીને જતું કન્ટેનર ઝડપાયું હતું. ઝઘડિયા પોલીસે આ પ્રવૃત્તિમાં સંકળાયેલા ત્રણ ઈસમ સામે ગુનો નોંધાવી વધુ કાર્યવાહી કરી હતી.

ભરૂચના વિકાસ કાયસ્થે ઝઘડિયા પોલીસમથકમાં ફરિયાદ સાથે કહ્યું હતું કે, એક કન્ટેનરમાં ભેંસો ભરી વડોદરા તરફથી અંકલેશ્વર તરફ જનાર છે. બાદ ભરૂચ ટોલનાકા નજીક તપાસ કરતાં આ કન્ટેનરને રોકી તેમાં પાણી કે ઘાસચારાની સગવડ વિના બેરહેમીથી ખીચોખીચ 25 ભેંસ ભરેલી હતી. કન્ટેનરના ચાલક પાસેથી પશુઓની હેરાફેરી કરવા માટેનું કોઇ પ્રમાણપત્ર મળ્યું ન હતું. કન્ટેનર ચાલકનું નામ એહમદખાન બાગેખાન બલોચ (રહે.,સિદ્ધપુર, જિ.પાટણ) અને તેની સાથેના અન્ય ઇસમનું નામ સાજીદમિયાં સઇદમિયાં મલેક (રહે.,સામરકા, જિ.આણંદ)ની ઓળખ થઇ હતી. બંને જણાએ ઘટસ્ફોટ કર્યો હતો કે, આ ભેંસો પાલનપુરના અકબરભાઇ સોલંકીએ મહારાષ્ટ્રના ધુલિયા ખાતે લઇ જવા કન્ટેનરમાં ભરાવી હતી. આ કન્ટેનરમાં લઇ જવાતાં પશુઓ બાબતે ઘાસચારો કે પાણીની સગવડ રાખવામાં નહીં આવી હોવા ઉપરાંત પશુઓની હેરાફેરી માટેનું કોઇ સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર ન હતું. પોલીસે 25 ભેંસના રૂ.5 લાખ અને કન્ટેનરના રૂ.10 લાખ મળી કુલ રૂ.15 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ બાબતઓ ઝઘડિયા પોલીસમાં એહમદખાન, સાજીદમિયાં મલેક તેમજ અકબર વિરુદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 13/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### કાર સહિત 3.99 લાખનો મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો

# સજોદથી નિકોરા ગામે દારૂનો જથ્થો આપવા જતાં બે ખેપિયા ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ।અંકલેશ્વર

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચે અંકલેશ્વર શહેર ચૌટા નાકા નજીકથી દારૂ ભરેલી કાર સાથે 2 ઈસમની ધરપકડ કરી હતી જયારે અન્ય 2 ઈસમો ને વોન્ટેડ જાહેર કર્યા હતા. ક્રાઈમ બ્રાન્ચનેસજોદ ગામમાં રહેતો બુટલેગર જીતેન્દ્ર ઉર્ફે ચીનો પટેલ પોતાની કારમાં દારૂનો જથ્થો ભરી આપી પોતાના માણસ ચિરાગ પ્રજાપતિ થકી નિકોરા



ખાતે રહેતો કાલિદાસ વસાવાને ત્યાં ખાલી કરવા મોકલી રહયો હોવાની બાતમી પોલીસને મળી હતી. બાતમીના આધારે પોલીસે અંકલેશ્વર ચૌટા નાકા પાસે વોચ ગોઠવી હતી. પોલીસે બાતમી વાળી કાર આવતા તેને અટકાવી તપાસ કરતા તેમાંથી દારૂની 432 નંગ બોટલ મળી આવી હતી પોલીસે 99 હજારનો દારૂ અને કાર મળી કુલ 3.99 લાખ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો અને ભરૂચીનાકા સ્થિત વાઘેલાવાડ ખાતે રહેતો ચિરાગ પ્રજાપતિ અને રોહિત વસાવાને ઝડપી પાડ્યો હતો.જયારે બુટલેગર જીતેન્દ્ર પટેલ સહીત કાલિદાસ વસાવાને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 14/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-07**

# આમોદમાં 1 લાખથી વધુના લોખંડના શંકાસ્પદ જથ્થા સાથે 2ની ધરપકડ

ભરૂચ: ભરૂચના આમોદ તાલુકાના રોજા ટંકારીયાથી આછોદ ગામ તરફ આવતા બે ઈસમોને પોલીસે સો કિલો વજનનો લોખંડનો વાલ્વ અને એકટીવા સાથે ઝડપી પાડ્યા હતા.

આમોદ પોલીસ ઇન્સ્પેક્ટર આર આર બી કરમટીયાની બાતમીના આધારે રોજા ટંકારીયાથી આછોદ જવાના રસ્તા ઉપર શંકાસ્પદ એકટીવા સાથે બે ઈસમો પાસેથી લોખંડના વાલ્વ તેમજ એકટીવા તથા મોબાઇલ સાથે કુલ રૂ.1,03,500નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ આમોદ પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી હતી. પોલીસે આમોદ તાલુકાના આછોદ ગામના અશ્વિન વસાવા, મુબારક યાકુબ વોહરા નામના બે શંકાસ્પદ ઈસમોની અટક કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**DATE: 14/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### શિકાર કરવાના ઉપયોગમાં લેતાં હોવાનું અનુમાન

# બ્રિટિશ નાગરિક સહિત બે જણની રાયફલ તથા કારતૂસ સાથે અટકાયત

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ





ભરૂચ શહેર જિલ્લામાં ગેરકાયદે રીતે અગ્નિશસ્ત્રો તેમજ દારૂગોળાનું ગેરકાયદે ઉત્પાદન તેમજ સંગ્રહ, હેરાફેરી કે વેચાણની પ્રવૃત્તિ પર નિયંત્રણ લાવવા માટે ખાસ ડ્રાઈવ રાખવામાં આવી હતી. જેના ભાગરૂપે એસપીની સૂચનાથી એસઓજીની ટીમ શહેરમાં પેટ્રોલિંગમાં હતી તે વેળાં કોન્સ્ટેબલ તનવીરને ચોક્કસ બાતમી મળી હતી કે, શહેરના જંબુસર રોડ પર આવેલાં પટેલ પાર્કમાં રહેતા મુસ્તાક ઉર્ફે અફઝલ કોઠીવાલાએ તેના ઘરમાં હથિયાર-કારતૂસ રાખ્યાં છે. જેના પગલે પીઆઇ એ એ ચૌધરી તેમજ પીઆઈ એ એચ છૈયાના માર્ગદર્શનમાં ટીમે તેના ઘરે દરોડો પાડતાં તેના ઘરમાંથી બારબોરની રાઈફલમાં વપરાતાં 6 જીવતા કારતૂસ મળી આવ્યાં હતાં. તેની પુછરપછમાં તેણે કબુલ્યું હતું કે, જંબુસરના પઠાણી ભાગોળ ખાતે રહેતાં તેના મિત્ર મન્સુર સલીમ પટેલે તેને આપ્યાં હતાં. જેના પગલે ટીમે તુરંત જંબુસર પહોંચી તેને દબોચી લેતાં તેની પાસેથી 2 બારબોરની રાયફલ મળી આવી હતી. જે પૈકી એકનું તેની પાસે લાયસન્સ હતી. જ્યારે બીજી તેણે ગેરકાયેદે રાખી હતી.

પોલીસની પ્રાથમિક પુછપરછમાં તેણે જણાવ્યું હતું કે, તે શિકાર કરવા માટે તે રાયફલનો ઉપયોગ કરતાં હતાં. બીજી તરફ મુસ્તાક ઉર્ફે અફઝલ કોઠીવાલા યુકેની નાગરિકતા ધરાવે છે. એક મહિનાથી તે ભરૂચ આવ્યો હોવાનું જાણવા મળ્યું છે.

**DATE: 15/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### સીતપોણ ગામે ઓક્ટોબરમાં ચોરીનો કારસો પકડાયો હતો

# ઓએનજીસીની લાઈનમાં પંક્ચર કરનાર ટોળકીનો સાગરીત ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ તાલુકા સીતપોણ ગામની સીમમાંથી સીટીએફ અંકલેશ્વરથી કોયલી રીફાઈનરીમાં જતી ઓએનજીસીની ક્રૂડ ઓઈલની પાઈપ લાઈન ઉપર ખાડો ખોદી જમીનમાંથી પસાર થતી પાઈપલાઈન ઉપર પંક્ચર કરી તેના ઉપર વાલ્વ બેસાડી ક્રૂડ ઓઈલની ચોરી કરવાના



કારસામાં આમોદ તાલુકાના આછોદ ગામના સંજય રતીલાલ વસાવા અને રમેશ અમરસંગ વસાવાને ઝડપી પાડ્યાં હતાં. જોકે, મુખ્ય ત્રણ આરોપી ઈકબાલ નિઝામ પઠાણ, ઈમ્તીયાઝ એહમદ દેડકો પટેલ અને સઈદ ઉર્ફે બટકો અદા ફરાર હતાં. દરમિયાનમાં તે પૈકીના સઈદ ઉર્ફે બટકો અબ્બાસ અદા અંગેની વિગતો મળતાં ટીમે તેને ઝડપી પાડ્યો હતો. આરોપીને કોર્ટમાં રજૂ કરી તેના અન્ય સાથીઓની માહિતી મેળવવા માટે તેમજ ચોરીનું ઓઈલ કેવી રીતે સગેવગે કરતાં હતાં. તેની વિગતો મેળવવા રિમાન્ડ મેળવવાની કવાયત હાથ ધરી છે.

**DATE: 15/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

દિવ્ય ભાસ્કર

અવાવરુ જગ્યાઓ પર ઘોડેસ્વાર પોલીસ પેટ્રોલિંગ કરશે : આજે લાખોની જનમેદની ઉમટી પડશે

# ભાયલી ગેંગરેપ ઘટના બાદ શુકલતીર્થમાં તકેદારી, 41 સીસીટીવીની સાથે 200 હેલોજન લગાવાશે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

વડોદરાના ભાયલીમાં નવરાત્રી દરમિયાન સગીરા સાથે બનેલી ગેંગરેપની ઘટના બાદ ભરૂચના શુક્લતીર્થના મેળામાં પોલીસે તકેદારીના પુરતા પગલાં લીધાં છે. શુક્રવારે દેવદિવાળીના દિવસે મેળામાં લાખોની જનમેદની ઉમટી પડશે ત્યારે મેળામાં થતી ગતિવિધિઓ પર નજર રાખવા માટે 41 સ્થળોએ સીસીટીવી કેમેરાની સાથે 200 જગ્યાએ હેલોજન લગાવવામાં આવ્યાં છે. નદીના પટ સહીતના અવાવરૂ વિસ્તારોમાં પેટ્રોલિંગ માટે ઘોડેશ્વાર પોલીસની બે ટીમ તૈનાત કરવામાં આવી છે.

ભરૂચ તાલુકાના શુકલતીર્થમાં શુકલેશ્વર મહાદેવ મંદિરના પટાંગણમાં ભરાતા ભાતીગળ મેળામાં શુક્રવારે દેવ દિવાળીના દીવસે માનવ મહેરામણ ઉમટી પડશે. નવરાત્રીમાં વડોદરામાં બનેલી ઘટના બાદ પોલીસે આ વખતે તકેદારીના પગલાં ભરવામાં કોઈ કચાશ રાખી નથી. શુકલતીર્થના મેળામાં નદીના પટ સહિતના અવાવરૂ વિસ્તારોમાં આ વર્ષે પોલીસની ખાસ નજર રહેશે. શુકલતીર્થના મેળાના મુખ્ય મેદાનમાં કંટ્રોલરૂમ ઉભો કરાયો છે. વાહનોના પાર્કિંગ માટે બે સ્થળોએ વ્યવસ્થા રાખવામાં આવી છે. ઝઘડિયા, વાલિયા અને નેત્રંગ તાલુકામાંથી લોકો મેળામાં આવવા માટે ઝાડેશ્વર ચોકડી સુધીનો ફેરાવો ન ફરવો પડે તે માટે મઢી ઘાટથી નાવડીમાં આવતાં હોય છે. નદીમાં ડૂબી જવાનો બનાવો રોકવા માટે પણ પોલીસ તૈનાત કરવામાં આવશે. મેળામાં થતી દરેક ગતિવિધિ પર નજર રાખવા માટે 41 જગ્યાઓ પર સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યાં છે. મેળામાં રાતના સમયે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે 200 હેલોજન લગાવવામાં આવ્યાં છે. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે ગ્રામ પંચાયતે પણ ખાસ સમિતિ બનાવી છે જે પણ પોલીસની મદદમાં રહેશે. નદીના પટમાં ઘોડેશ્વર પોલીસની સાથે હવે પોઈન્ટ પર ઉભો કરવામાં આવ્યો છે.



## પોલીસ બંદોબસ્ત

| | |
|---|---|
| 03 | પીઆઈ |
| 12 | પીએસઆઈ |
| 226 | પોલીસ જવાન |
| 50 | હોમગાર્ડ |
| 146 | જીઆઈડી |
| 12 | એસઆરડી |

## ખિસ્સાકાતરુઓ અને મોબાઈલ ચોરો પર નજર રહેશે

શુકલતીર્થના મેળામાં ભીડનો લાભ ઉઠાવી ખિસ્સાકાતરૂઓ અને મોબાઈલ ચોરો કસબ ન અજમાવી જાય તે માટે સીસીટીવીથી નજર રાખવામાં આવશે આ ઉપરાંત સાદા ડ્રેસમાં પોલીસ જવાનો પેટ્રોલિંગ પણ કરશે. ફિક્સ પોઈન્ટ ઉપરાંત આ વર્ષે પેટ્રોલિંગના રૂટ પણ વધારી દેવામાં આવ્યાં છે.

**DATE: 16/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### મગદાળની આડમાં દારૂની હેરાફેરી, 2,600 બોટલ સહિત 50 લાખનો મુદ્દામાલ જપ્ત

# નબીપુરની પરવાના હોટલ પાસે દારૂના કટિંગનો કારસો : 4 આરોપી સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ એલસીબીનો સ્ટાફ નબીપુર પોલીસ મથકની હદમાં પેટ્રોલીંગમાં હતો પરવાના હોટલની બાજુમાં રોડની સાઈટમાં ટ્રકમાં વિદેશી દારૂનો જથ્થો ભરેલા છે અને હાલ કટિંગની પ્રવૃત્તિ ચાલી રહી છે.જેવી બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા.પોલીસે ટ્રકમાં તપાસ કરતા તેમાં રહેલા મગ દાળની આડમાં સંતાડેલા વિદેશી દારૂની 2611 નંગ બોટલ મળી આવી હતી. પોલીસે રૂ.3.59 લાખનો દારૂ અને 15 લાખની ટ્રક તેમજ ઈક્કો કાર,છોટા હાથી મળી કુલ 50 લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો અને જોધપુરના નીનાકપુરા ભવાદ ખાતે રહેતો ટ્રક ચાલક મહીરામ બાબુરામ બિશ્નોઈ, દીપક જંયતી પ્રજાપતિ અને દીપક હેમંત વસાવા તેમજ



અક્ષય સંજય પાટણવાડિયાને ઝડપી પાડ્યો હતો.જયારે વિદેશી દારૂનો જથ્થો મોકલનાર બાબુરામ ચૌધરી સહીત અન્ય બે બુટલેગરોને વોન્ટેડ જાહેર કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 16/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

### ૬ મહિના અગાઉ ઝનોર પીએચસી સેન્ટરના

# મેડિકલ ઓફિસરની બોથડ પદાર્થ મારી હત્યા કરનાર બે આરોપી ઝડપાયા

અંકલેશ્વર ,ભરૂચ તા.૧૫

ભરૂચ જિલ્લાના અંકલેશ્વરના મોતાલી ગામના માર્ગ ઉપર ઝાંડી ઝાંખરાની જગ્યાથી ૬ માસ અગાઉ એક અજાણી વ્યક્તિની વિકૃત હાલતમાં લાશ મળી હતી.મૃતકની ઓળખ થતાં ઝનોરના પીએચસી સેન્ટરના મેડિકલ ઓફિસર હોવાનું જાણ થતાં લાશને પોસ્ટ મોર્ટમ માટે મોકલી આપતા મોત છાતીના ભાગે બોથડ પદાર્થ મારી હત્યા કરી હોવાનો સામે આવતા પોલીસે હત્યાનો ગુના`દાખલ કરી તપાસ કરતા એલસીબી પોલીસે બે આરોપીને ઝડપી પાડી લૂંટ વિથ મર્ડરનો ભેગ ઉકેલ્યો હતો.

## મોતાલી ગામ પાસે વિકૃત હાલતમાં મળેલા મૃતદેહ મળી આવ્યો હતો

અંકલેશ્વર સીટી પોલીસ મથકમાં મૃતકની વિધવા રીટાબેન રાજેશભાઈ સિંધા રહે,ચાવજ ગામેએ ૪ મહિના અગાઉ ફરિયાદ નોંધાવી હતી.જેમાં આક્ષેપ કર્યો કે તેમના પતિ બી.એચ.એમ.એસનો અભ્યાસ કરેલો છે.તેઓ ૨૦૧૧ મેડિકલ ઓફિસર તરીકે નોકરી કરે છે.ઝનોર પીએચસી સેન્ટરમાં ડાત્કટર રાજેશકુમાર સિંધા મેડિકલ ઓફિસર તરીકે કાર્યરત હતા.તેમની બદલી અંકલેશ્વરના ગડખોલ સીએસસીનો ચાર્જ હતો.તા.૧૫-૦૫-૨૪ના રોજ સવારે ઘરેથી નીકળ્યા બાદ તેમનો ફોન લાગતો ન હતો.જેના પગલે ૧૬-૫-૨૪ ના રોજ ગુમ સુદાની ફરિયાદ આપી હતી. ગત તા.૧૩ જુલાઈ ૨૦૨૪ ના રોજ ડાત્ક્ટર રાજેશકુમાર સિંધા ગુમ થયા હતા.તે દરમ્યાન અંકલેશ્વરના મોતાલી ગામ નજીકથી ઝાડી ઝાંખળામાંથી અજાણ્યા પુરુષનો




મૃતદેહ મળી આવતા ગુમસુદાની ફરિયાદ કરનાર ફરિયાદીને બોલાવી મૃતદેહ બતાવતા તેનો પતિ હોવાની ઓળખ થઈ હતી .પોલીસે પીએમ કરાવતા રિપોર્ટમાં ડાત્ક્ટર રાજેશ સિંધાના શરીરમાં છાતીના અને માથાનાં ભાગે બોથડ પદાર્થ મારી હત્યા કરી હોવાનું સામે આવતા હત્યાનો ગુનો દાખલ કરી કાર્યવાહી શરૂ કરાઈ હતી. લોકલ ક્રાઈમ બ્રાન્ચે બાતમીના આધારે હત્યારના ગુનામાં ફરાર અજાણ્યા આરોપીઓએ મૃતકના શરીર ઉપરથી દાગીના અને તેની મોટરસાયકલ પણ લઈ ગયા હતા.તેની નંબર પ્લેટ પણ વાપરીને નાસતા ફરતા હતા. જેથી લોકલ ક્રાઈમ બ્રાન્ચે જગદીશસિંગ સતપાલસિંગ સિંગ રહે અય્પા મંદિરની સામે ગડખોલ પાટીયા અંકલેશ્વર તથા લાલુભાઈ ગોપાલભાઈ તડવી રહે અય્પા મંદિરની બાજુમાં ઝૂંપડપટ્ટીને વડોદરા રવાના કરી ઉજ્જૈન ખાતેથી બંને આરોપીઓને દબોચી લાવી કડક પૂછપરછ કરતા ડોક્ટર રાજેશભાઈ ભીખાભાઈ સિંધા જે તે સમયે અવાવરૂ જગ્યાએથી દારૂના નશામાં નીકળ્યા હતા.તેમને લૂંટવાના ઈરાદે બંને આરોપીઓએ તેમને વધુ દારૂ પીવડાવી તેમને લૂંટવાના પ્રયાસ વખતે ડોક્ટરે પણ સામનો કરતા તે સમયે ડોક્ટર રાજેશ સિંધાને મારામારી કરતા તેમનું મોત થઈ ગયું હતુ.આરોપીઓએ સમગ્ર પ્રકરણથી બચવા માટે બાઈક લઈને તથા દાગીના લઈને ભાગી ગયા હોય તેવી કબુલાત કરતા હત્યાનો ભેદ ઉકેલાયો હતો.

**DATE: 16/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-07**

# ભરૂચના 18 લાખના ડ્રગ્સ પ્રકરણમાં મધ્યપ્રદેશથી સપ્લાયરની ધરપકડ

**એક આરોપીએ રિમાન્ડ દરમિયાન કબૂલાત કરતાં પોલીસની ટીમ ધારમાંથી અક્રમ મનસૂરીને ઊંચકી લાવી**



ભરૂચઃ દિલ્હી મુંબઈ એક્સપ્રેસ હાઈસ પર કારમાંથી રૂ.18 લાખની કિંમતનું એમ.ડી. ડ્રગ્સ ઝડપાવાના મામલામાં પોલીસે વધુ એક આરોપીની મધ્યપ્રદેશના ધાર ખાતેથી ધરપકડ કરી છે.

ભરૂચ રૂરલ તથા બી-ડિવિઝન પોલીસને દિલ્લી મુંબઈ એક્સપ્રેસ-વે પર એમ.ડી. ડ્રગ્સની હેરફેર કરવામાં આવી રહી હોવાની બાતમી મળતા કારેલી ગામ નજીક વોચ ગોઠવી બાતમી મુજબની ડ્રગ્સ રાખેલ કારને હસ્તગત કરી ઈલ્યાસઅલી હુસૈન મલેક, અશરફ બશીરભાઈ મુન્સી અને હનીફ રાજની ધરપકડ કરી રૂ.18 લાખની કિંમતનું 180 ગ્રામ એમડી ડ્રગ્સ કબજે કર્યું હતું.

આરોપીઓના રિમાન્ડ દરમ્યાન ઈલ્યાસ મલેક નામના આરોપીએ ડ્રગ્સનો આ જથ્થો મધ્યપ્રદેશના ધાર ખાતે રહેતા અક્રમ મન્સૂરી પાસેથી લાવ્યો હોવાનું જણાવ્યું હતું. જેથી પોલીસે એક ટીમને મધ્યપ્રદેશના ધાર ખાતે રવાના કરી હતી અને આરોપી અક્રમ મન્સુરીની ધરપકડ કરી તેને ભરૂચ ખાતે લાવી તેના વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 17/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-12**

### બંને બૂટલેગરોને વૉન્ટેડ જાહેર કરાયા

# અંકલેશ્વરમાં દારૂની હેરાફેરી કરતા ઈસમની ધરપકડ કરાઈ

। અંકલેશ્વર ।

અંકલેશ્વર શહેર એ ડીવીઝન પોલીસે પીરામણ ગ્રામ પંચાય પાસેથી રીક્ષામાં લઈ જવાતા વિદેશી દારૂના જથ્થા સાથે એક ઈસમને ઝડપી પાડી કુલ રૂા.૧.૪૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

અંકલેશ્વર શહેર એ ડીવીઝન પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો તે દરમિયાન બાતમી મળી હતી કે પીરામણ ગરનાળા તરફથી શહેર બાજુ એક રીક્ષામાં વિદેશી દારૂનો જથ્થો સંતાડી લાવવામાં આવી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે પીરામણ ગ્રામ પંચાયત પાસે વોચ ગોઠવી હતી. તે દરમિયાન બાતમી વાળી રીક્ષા આવતા પોલીસે તેને અટકાવી રીક્ષામાં તપાસ કરતા તેમાંથી વિદેશી દારૂના બીયરના ૧૪૪ નંગ ટીન મળી આવ્યા હતા. પોલીસે ૨૦ હજારનો દારૂ અને ૧.૨૦ લાખની રીક્ષા મળી કુલ ૧.૪૦ લાખનો મુદ્દામાલ કબજે કરી કસ્બાતીવાડ સબ જેલ પાસે રહેતો રીક્ષા ચાલક મોહમ્મદ રફીક ઈમરાન શેખને ઝડપી પાડ્યો હતો. જેને વિદેશી દારૂ અંગે પોલીસે પુછપરછ કરતા જથ્થો નોબલ માર્કેટ તરફથી જમાઈ મોહલ્લામાં રહેતો ઈમરાન ઉર્ફે નાનીએ ભરી આપી તાડ ફળિયાના બુટલેગર વિજય દલપત વસાવાને પહોંચાડનું જણાવ્યું હતું પોલીસે તે બંને બુટલેગરોને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી

### રૂા.૧.૪૦ લાખનો મુદ્દામાલ કબજે કરાયો